# આપણી વાત



■ સંકલન : પ્રફુલ્લ રાવલ ■

પાક્ષિકીમાં તા. ૭-૪-૨૦૧૬ના રોજ હસમુખ રાવલે 'યાત્રા' વાર્તાનું પઠન કર્યું હતું. વાર્તા સામાજિક પ્રશ્નોને જર્જરિત બસના માધ્યમથી રજૂ કરતી હતી. પ્રતીકો અને સંકુલ ઘટનાઓનાં સંકલન દ્વારા વાર્તાની યાત્રા આગળ ચાલે છે. મોટી સંખ્યામાં ઉપસ્થિત ભાવકોએ ચર્ચામાં ભાગ લીધો હતો. રૂપાળી નદી, પતંગિયું અને આદિવાસી સમાજનાં આલેખન દ્વારા રજૂ થયેલ ઘટના બધાને ગમી હતી.

'નર્મદ સાહિત્ય સભા' અને 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના ઉપક્રમે રવિવારે સુરતમાં તરહી મુશાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વખતે 'ખેડવા માંડો તો જીવન રાસ આવી જાય છે' – રઈશ મનીઆર, 'હોવાપણાનો ભાવ અરીસો બની ગયો' - મુકુલ ચોક્સી, જરા ગણગણી લઉં તમારી સભામાં ભગવતીકુમાર શર્મા, 'હું સદા સારો જ છું, એવું નથી' – હરીશ વ્યાસ, 'સૂરજ સાથે ઘણુંય આથમે છે' - – હર્ષ બ્રહ્મભટ્ટની પંક્તિઓ પરથી ગઝલની રજૂઆત કરી હતી. ગૌરાંગ ઠાકરે ગઝલ વિશે વાત કરતાં જણાવ્યું હતું કે 'આજની પરિસ્થિતિમાં મૂલ્યાંકનો આર્થિક વધુ ને ભાવાત્મક ઓછાં થઈ ગયાં છે. તેમણે તરહી મુશાયરામાં ગુજરાતી – ઉર્દૂના અનેક શાયરોના શેર લાક્ષણિક છટાથી રજૂ કર્યા હતા. પ્રફુલ્લ દેસાઈએ ગઝલની વાત કરતાં કહ્યું હતું કે સુરતે ઘણા ગઝલકારો ગુજરાતી ગઝલને આપ્યા છે.

સાહિત્ય અકાદેમી, દિલ્હી; ફાર્બસ ગુજરાતી સભા, મુંબઈ તથા બળવંત પારેખ સેન્ટર, વડોદરા અને ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ દ્વારા શ્રી ફાર્બસ ગુજરાતી સભાની સ્થાપના અને જસ્ટિસ એલેકઝાન્ડર કિન્લોક ફૉર્બ્ઝના નિધનની સાર્ધ શતાબ્દી પ્રસંગે એપ્રિલ ૨ અને ૩, ૨૦૧૬ના રોજ 'ઓગણીસમી સદીના મુંબઈ ઈલાકામાં સાહિત્ય અને બીજી કલાઓની ગતિવિધિ અને તેમાં બૃહદ્ સાંસ્કૃતિક સંદર્ભ' વિષય પર દ્વિદીન સંભાકાનું આયોજન હ. કા. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ ખાતે થયું હતું.

સાહિત્ય અકાદેમી, દિલ્હીનો ૨૦૧૫ના વર્ષ માટે અનુવાદનો ઍવોર્ડ શરીફા વીજળીવાળાને તેમના પુસ્તક 'જેણે લાહોર નથી જોયું એ જન્મ્યો જ નથી' માટે જાહેર થયો છે.

ગુજરાતી સાહિત્ય સભાના પ્રમુખ તરીકે શ્રી ધીરુ પરીખની સર્વાનુમતે વરણી થઈ છે. તેઓ કવિ, વિવેચક, ચરિત્રકાર, અનુવાદક છે તેમજ 'કુમાર' અને 'કવિલોક'ના

તંત્રી છે.

સાહિત્ય અકાદેમી, ફાર્બસ ગુજરાતી સભા મુંબઈ, બળવંત પારેખ સેન્ટર વડોદરા તેમ જ ગુજરાત વિદ્યાસભા અમદાવાદ દ્વારા ફાર્બસ ગુજરાતી સભાની સ્થાપના અને જસ્ટિસ ઍલેક્ઝાન્ડર કિન્લોક ફોર્બ્સના નિધનની સાર્ધ શતાબ્દી પ્રસંગે તા. ૨-૩ એપ્રિલ ૨૦૧૬ના રોજ એચ. કે. આર્ટ્સ કૉલેજમાં ‘ઓગણીસમી સદીના મુંબઈ ઇલાકામાં સાહિત્ય અને બીજી કલાઓની ગતિવિધિ અને તેની બૃહદ્ સાંસ્કૃતિક સંદર્ભમાં’ બે દિવસીય સભાષાનો કાર્યક્રમ યોજાયો હતો.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને કવિરાજ કોમ્યુનિકેશન દ્વારા પ્રજ્ઞાચક્ષુઓમાં રહેલી કાવ્યસર્જનની સર્જકતા પાંગરે અને સમાજના મુખ્ય પ્રવાહમાં તેમની સર્જકતાનો અવાજ મૂકી શકાય તે હેતુથી કાવ્યપાઠનો કાર્યક્રમ તા. ૩૧-૩-૨૦૧૬ના રોજ યોજવામાં આવ્યો હતો. જેમાં પ્રજ્ઞાચક્ષુ કવિઓએ પોતાની કવિતાઓ રજૂ કરી હતી. સર્વશ્રી ચંદ્રકાન્ત શેઠ અને રાજેશ વ્યાસ ‘મિસ્કીન’એ કવિઓને માર્ગદર્શન આપ્યું હતું.

કવિશ્રી પીયૂષ પંડ્યાના મુક્તકના સંગ્રહ ‘બકુલ જૂઈ પારિજાત’નું વિમોચન શ્રીમતી ઉષાબહેન જાનીના હસ્તે કરવામાં આવ્યું.

ડૉ. અતુલભાઈ પાઠકજીને ‘રવીન્દ્ર લેખન’ પુસ્તક માટે સર્વશ્રેષ્ઠ અનુવાદક તરીકે ‘મહાદેવભાઈ દેસાઈ રાષ્ટ્રીય ભાષાન્તર એવૉર્ડ’ આપવામાં આવ્યો છે.

વર્ધમાન વિકાસ સેવા ટ્રસ્ટ, વઢવાણ દ્વારા દર વર્ષે ગુજરાતી ભાષાના પ્રતિષ્ઠ કવિને ‘કવીશ્વર દલપતરામ એવૉર્ડ’થી સન્માનવામાં આવે છે. તદંતર્ગત તા. ૩-૪-૨૦૧૬ના રોજ પ. પૂ. મોરારિબાપુના હસ્તે કવિ નયન હ. દેસાઈને વઢવાણ ખાતે આ એવૉર્ડ આપવામાં આવ્યો હતો.

સાહિત્ય અકાદેમી, દિલ્હી દ્વારા